પ્રમુખ સ્વામી માર્ગ : અમદાવાદના સાબરમતી પશ્ચિમ રિવરફ્રન્ટ માર્ગને સ્વામી નારાયણ સંત પ્રમુખ સ્વામી માર્ગનું નામ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય મહંત સ્વામીના વરદ્‌હસ્તે નામકરણવિધિ યોજાયો હતો. રાજ્ય સરકારના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, મંત્રીમંડળના મંત્રીઓ અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહ અને કાઉન્સિલરોની ઉપસ્થિતિમાં સમગ્ર કાર્યક્રમ ભાવપૂર્વક યોજાયો હતો. પ્રમુખ સ્વામીની સ્મૃતિ ચિરંજીવ રાખવા નામકરણવિધિના કાર્યક્રમમાં હજ્જારો નાગરિકો પણ જોડાયા હતા.

હેલ્થકેર ટેકનોલોજી કોન્ફરન્સ હિટેકોનનો આરંભ

અમદાવાદ, તા.૨૧

હેલ્થકેર ટેક્નોલોજીનાં ક્ષેત્રની અદ્યતન જાણકારી પુરી પાડી ડોકટરોને તેના વપરાશ માટે પ્રોત્સાહિત કરવા હેલ્થકેર ટેક્નોલોજી કોન્ફરન્સ હિટકોન ૨૦૧૭નો આજથી શહેરમાં આરંભ થયો છે. બે દિવસની આ કોન્ફરન્સમાં સર્વપ્રથમવાર સ્ટાર્ટ અપ કેપ્સ્યુલને પણ રજુ કરવા આવશે. હિટકોન ૨૦૧૭ અંગે માહિતી આપતા હેલ્થકેર ટેકનોલોજી કોન્ફરન્સ ઓર્ગેનાઈઝિંગ કમિટિના સભ્ય ડૉ. પ્રજ્ઞેશ વછરાજાનીએ જણાવ્યું હતું કે, આગામી દશકામાં હેલ્થકેર ટેકનોલોજી દેશની વિકાસગાથાના મુખ્ય ચાલકબળોમાંનુ એક બનશે. ભારત જેવા વૈવિધ્યકૃત વસતિ અને વણસંતોષાયેલી તબીબી જરૂરિયાતો ધરાવતા દેશમાં ટેકનોલોજી સમગ્ર સમાજ માટે આશિર્વાદરૂપ બની શકશે. ટેકનોલોજીથી સમગ્ર દર્દીમિત્ર સ્વાસ્થ્યસંભાળ ઉપલબ્ધ બનશે અને તેની ભારતની ગ્રામિણ વસ્તીને વધારે વૈજ્ઞાનિક પધ્ધતિથી પોષાય તેવા ભાવમાં ઉપચાર કરવામાં સરળતા રહેશે. ડૉ. વછરાજાનીએ વધુમાં જણાવ્યું કે, હેલ્થકેર ટેકનોલોજી કોન્ફરન્સની આ બીજી આવૃતિ છે. આ કોન્ફરન્સમાં ભારતમાંથી ૫૦૦થી પણ વધુ ડોકટરો ભાગ લઈ રહ્યા છે. તેમાં અગ્રણી સ્થાનિક અને રાષ્ટ્રીય તજજ્ઞો ડોકટરો સમક્ષ હેલ્થકેર ટેકનોલોજી અંગેની વિસ્તૃત જાણકારી પુરી પાડશે અને નિદર્શન પણ કરશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, આ કાર્યક્રમમાં અમે પ્રથમવાર સ્ટાર્ટ અપ કેમ્પ્સ્યુઅલનું વેન્ચર સ્ટુડિયો, અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સહયોગમાં આયોજન કર્યું છે. સ્ટાર્ટ અપ કેપ્સ્યુલમાં ટેકનોલોજી ચાહકોને અને ડોકટરોની મુલાકાત થશે. સ્ટાર્ટ અપ કેપ્સ્યુલ શરૂ કરવા પાછળનો હેતુ તબીબી સમુદાય સાથેનાં સંકલનમાં ટેકનોલોજીના ક્ષેત્રમાં નાવિન્યપૂર્ણતાને પ્રોત્સાહિત કરવાનો છે. આ કાર્યક્રમમાં હેલ્થકેર, રોકાણકારો અને ટેકનોક્રેટસ ભાગ લેશે અને માર્ગદર્શન પુરુ પાડશે.

પુષ્પાંજલિ : અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલયના મુખ્ય દાતા અને ચૌધરી સમાજના મોભી સ્વ. જીવણભાઈ ચૌધરીની પૂણ્યતિથિએ ચૌધરી કેમ્પસમાં પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો. કેળવણી મંડળના પ્રમુખ શ્રી હરિભાઈ ચૌધરી અને સાથી પદાધિકારીઓએ સ્વ. જીવણભાઈના સત્કાર્યોને યાદ કરી ભાવભિની અંજલી આપી હતી. આ પ્રસંગે તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશિપ એનાયત કરાઈ હતી. આ કાર્યક્રમમાં સમાજના અગ્રણી મોટી સંખ્યામાં જોડાયા હતા.

ડુંગરી ગ્રામ પંચાયત ડેપ્યુટી સરપંચની સર્વાનુમતે બિનહરીફ

ઈડર તાલુકાના ડુંગરી ગ્રામ પંચાયતમાં ડે.સરપંચની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. તાલુકા પંચાયતના પ્રતિનિધિ, તલાટી ક્રમ મંત્રી સ્મીતાબેન દેસાઈની ઉપસ્થિતીમાં ડે.સરપંચ પદે દશરથભાઈ રેવાભાઈ પટેલ, પુર્વ હેડ ક્લાર્ક, ઈડર નગરપાલિકાની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં ડુંગરી ગ્રામ પંચાયત સરપંચ મુમતાઝબેન ફકીરભાઈ મનસુરી, ગ્રામ પંચાયત સભ્યો, ટેકેદારો, ડુંગરી ગ્રામજનોએ શુભકામનાઓ પાઠવી હતી.

રાજ્યમાં લઘુત્તમ તાપમાન સતત બદલાતા ભારે હાલાકી

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ સહિત રાજ્યભરમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જોકે તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. ઠંડીના કારણે જનજીવનને પણ અસર થઈ છે. આજે અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૬.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૧૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું. આવી જ રીતે રાજ્યના અન્ય ભાગોમાં પણ લઘુત્તમ તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે નલિયામાં લઘુત્તમ તાપમાન ૧૩.૮ ડિગ્રી નોંધાયું હતું. વડોદરામાં ૧૨.૪ અને વલસાડમાં ૧૧.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. રાજકોટમાં ૧૩.૩ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું હતું. રાજ્યના વિવિધ ભાગોમાં તાપમાનમાં ફેરફારના કારણે બાળકો અને સામાન્ય લોકો પરેશાન થયેલા છે. હવામાન વિભાગ તરફથી કોલ્ડવેવ માટેની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. આ સ્થિતિ આગામી થોડાક દિવસ સુધી યથાવત રહી શકે છે. ગુજરાતમાં કોલ્ડવેવ માટેની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તીવ્ર ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ હવે લોકો હવે વધુ સાવધાન થઈ ગયા છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે આવતીકાલે વાદળછાયું વાતાવરણ આંશિક રીતે રહેશે.

બીજી બાજુ ઉત્તર ભારતમાં ઠંડીના લીધે જનજીવન ખોરવાયેલું છે. ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. લાંબા અંતરની ઘણી ટ્રેનો કલાકો મોડે દોડી રહી છે. આવી સ્થિતિમાં ગુજરાતમાં તીવ્ર ઠંડી અથવા તો ધુમ્મસની કોઈ સ્થિતિ જોવા મળી રહી નથી. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે એકાએક ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. બાળકો જુદી જુદી બિમારીના સકંજામાં આવી ગયા છે.

અણસોલ ગ્રૂપ ગ્રામ પંચાયત ડેપ્યુટી સરપંચની સર્વાનુમતે બિનહરીફ

અણસોલ ગ્રૂપ ગ્રામ પંચાયતમાં ડે.સરપંચની નિમણુંક સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. અણસોલ ગ્રૂપ ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચની નિમણુંક સંદર્ભે એ.ડી.ડામોર, અધિકારી બ્લોક હેલ્થ કચેરી, ભિલોડા,તલાટી ક્રમ મંત્રી એલ.જે.ડામોરની ઉપસ્થિતીમાં અણસોલ ગ્રૂપ ગ્રામ પંચાયત ડે.સરપંચ પદે દિનેશકુમાર બચુભાઈ ડામોર, ગામ.ઓઢા-પહાડીયા, સામાજીક કાર્યકરની સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતાં અણસોલ ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ કમળાબેન કમજીભાઈ ભણાત, ગ્રામ પંચાયત સભ્યો, ટેકેદારો સોમાભાઈ ભોઈ, કમજીભાઈ ભણાત, નેમાભાઈ ડામોર, ધુળજીભાઈ પારધી, પુનાભાઈ ભણાત, અણસોલ ગ્રામજનોએ શુભકામનાઓ પાઠવી હતી.

ઓમપ્રકાશ તિવારીના સન્માનમાં કાર્યક્રમ થયો

અમદાવાદ, તા.૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અન્ય ભાષાભાષી સેલના અધ્યક્ષ દીનાનાથસિંહ ઠાકુરના નેતૃત્વ હેઠળ આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે નવનિયુક્ત અમદાવાદ શહેરના પ્રમુખ ઓમપ્રકાશ તિવારીના સન્માન સમારંભ યોજાયો હતો. જેમાં ૩૦૦થી વધુ અન્ય ભાષાભાષી સેલ સાથે વિવિધ વ્યવસાયમાં સંકળાયેલા ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ મેયર હિંમતસિંહ પટેલે જણાવ્યું હતું કે, સમાજના વિવિધ ક્ષેત્રમાં જોડાયેલા ભાઈ બહેનો વધુમાં વધુ સક્રિય ભૂમિકા ભજવવી પડશે. કોંગ્રેસ પક્ષ સૌને સાથે લઈને સૌના કલ્યાણ માટે ૧૨૫ વર્ષ જુનુ રાષ્ટ્રીય સંગઠન છે. કામ કરનાર દરેક વ્યક્તિને તક મળતી હોય છે. કોંગ્રેસ પક્ષે હંમેશા અન્ય ભાષાભાષીને જુદા જુદા સમયે ગુજરાતમાં મહત્વના પદ આપ્યા છે. અન્ય ભાષાભાષી સેલના અધ્યક્ષ દીનાનાથસિંહ ઠાકુરે જણાવ્યું હતું કે, જે કામ કરે છે તેમણે પદ અને મહત્વ મળતું હોય છે. ગુજરાતમાં સૌ સાથે મળીને સંગઠનની ચૂંટણીમાં અન્ય ભાષાભાષીને કોંગ્રેસ પક્ષે વિશેષ મહત્વ આપીને ટીકીટ ફાળવણી કરી હતી. નવનિયુક્ત અમદાવાદ શહેરના અધ્યક્ષ ઓમપ્રકાશ તિવારી મહેનત કરનાર અને સૌને સાથે રાખીને પાયાની કામગીરી કરનાર છે. તેઓ તમામ પડકાર વચ્ચે અમદાવાદ શહેરમાં કોર્પોરેટર તરીકે ચૂંટાયા છે.

કોંગ્રેસ પક્ષને ૨૦૧૭માં વિજય અપાવવા નિષ્ઠાથી કામે લાગી જશો. કોંગ્રેસ પક્ષના પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષમાં દરેક સમાજને માન સન્માન મળે છે.

નરેશ પટેલે ખોડલધામના ટ્રસ્ટમાં પ્રમુખ પદ છોડ્યું

પરેશ ગજેરા બન્યા નવા પ્રમુખ

આજે ખોડલધામ પણ પ્રતિષ્ઠા મહોત્સવનો અંતિમ દિવસ છે. ત્યારે એક મહત્વની જાહેરાત કરતા પ્રમુખ નરેશ પટેલે પ્રમુખ પદેથી રાજીનામુ આપી દીધુ છે. હવે નરેશ પટેલ ખોડલધામ ટ્રસ્ટની ચેરમેન પદની જવાબદારી સંભાળશે. ખોડલધામ ટ્રસ્ટમાં પ્રમુખ નરેશ પટેલે પટેલ પરેશ ગજેરાને સંસ્થાના પ્રમુખ બનાવ્યા છે. જ્યારે કે નરેશ પટેલ હવે ચેરમેન બન્યા છે. આ સાથે ખોડલધામ ટ્રસ્ટમાં પદમાં વધારો કરાયો છે. યુવા મંડળને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવાયો છે. ખોડલધામમાં ચાલી રહેલા મહોત્સવના અંતિમ દિવસે આ મહત્વપૂર્ણ જાહેરાત કરાઈ છે.

વટહુકમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પનીરસેલ્વમ અલનગનલ્લુરમાં જલીકટ્ટુની શરૂઆત કરાવશે. અન્નાદ્રમુકના સાંસદ થામ્બી દુરાઈએ કહ્યું છે કે રાષ્ટ્રપતિને અમે અપીલ કરી ચુક્યા છીએ કે તાત્કાલિક પ્રવાહ સાથે જલીકટ્ટુ શરૂ કરવામાં આવે. રાષ્ટ્રપતિની પાસે વટહુકમ મંજુરી માટે મોકલી દેવામાં આવ્યો છે. વિરોધ પ્રદર્શનના દોરમાં તમામ ટોચની હસ્તીઓ પહોંચી રહી છે. તમિલનાડુ સરકારે ટ્વીટ કરીને માહિતી આપી છે કે રાજ્યપાલે જલીકટ્ટુ વટહુકમને મંજુરી આપી દીધી છે. બીજી બાજુ થામ્બીદુરાઈએ જલીકટ્ટુ મુદ્દે વટહુકમ સાથે બહાર આવવાના મામલે તમિલનાડુ સરકારની મદદ કરવા બદલ વડાપ્રધાનનો આભાર માન્યો છે પરંતુ ફરિયાદ કરી છે કે કેન્દ્ર સરકાર દ્વારા કેટલાક મુદ્દા પર અવગણના કરવામાં આવી રહી છે. એક દેશ એક ટેક્સની બાબત જીએસટી માટે સારી બાબત છે પરંતુ એક ભાષા, એક સંસ્કૃતિ લોકશાહી માટે યોગ્ય નથી. વડાપ્રધાને સંબંધિત લોકો સાથે વાતચીત કરી છે પરંતુ સહકારની ભાવના તરફ હજુ ધ્યાન આપવાની જરૂર છે. અન્નાદ્રમુકના સાંસદો રાષ્ટ્રપતિને મળવા માટે પણ પહોંચ્યા છે. આજે પાંચમાં દિવસે પણ વિરોધ પ્રદર્શનનો દોર જારી રહ્યો હતો. જેમાં રાજ્યવ્યાપી આંદોલનના કેન્દ્ર મરીના બીચ ઉપર પણ દેખાવો જારી રહ્યા હતા.

તીવ્ર પ્રહારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યોજી હતી અને સંઘ અને ભાજપ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. માયાવતીએ કહ્યું હતું કે જો અનામતને ખતમ કરવા માટે કોઈ કાયદા બનાવવામાં આવશે તો ભાજપને બોધપાઠ ભણાવવામાં આવશે. દલિત વર્ગના લોકો આ નિર્ણય પર ભાજપને હંમેશા હંમેશા માટે રાજનીતિ ભુલાવી દેવાના મૂડમાં છે. માયાવતીએ એમ પણ કહ્યું હતું કે ભાજપ અને સંઘને દેશમાં દલિતોની વસ્તીનો અંદાજ નથી. ચૂંટણીમાં જનતા યોગ્ય નિર્ણય કરશે. ભાજપને અનામત ખતમ કરવાની ધમકી આપવાનું બંધ કરવું જોઈએ. દલિત અને આદિવાસી વર્ગના લોકોને અપીલ કરતા માયાવતીએ કહ્યું હતું કે ઉત્તરપ્રદેશ અને અન્ય બાકી ૪ રાજ્યોમાં પણ ભાજપ અને સંઘને પરાજિત કરીને લોકોએ આ બંનેને સજા આપવી જોઈએ. શુક્રવારના દિવસે જયપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં સંઘના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ મનમોહન વૈદ્યએ કહ્યું હતું કે અનામતને ખતમ કરવામાં આવે તે જરૂરી છે. જોકે મોડેથી તેમને પોતાનું નિવેદન પાછું ખેંચી લીધું હતું. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીની વચ્ચે ગઠબંધનની જાહેરાત થાય તે પહેલા આ મુદ્દે માયાવતીએ પણ પ્રતિક્રિયા આપી હતી. માયાવતીએ કહ્યું છે કે અખિલેશની ટીમ કલંકિત ટીમ તરીકે છે. અખિલેશ હવે કોંગ્રેસના પણ મુખ્યમંત્રી તરીકેના ચહેરા તરીકે બની ગયા છે. પ્રશ્ન એ છે કે કોંગ્રેસને આજ કલંકિત ચહેરાની જરૂર હતી કેમ. કોંગ્રેસની પ્રતિષ્ઠાને આને લીધે મોટો ફટકો પડ્યો છે.

મુક્ત કરી દીધો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવી હતી. પાકિસ્તાને વાઘા સરહદ પર ચંદુને ભારતને હવાલે કરી દીધો હતો. પાકિસ્તાન તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે પોતાના સિનિયરોના ખરાબ વર્તનથી નારાજ થઈને ચંદુ એલઓસી પાર કરીને પાકિસ્તાન પહોંચી ગયો હતો. પાકિસ્તાનનું કહેવું છે કે ૨૯મી સપ્ટેમ્બર ૨૦૧૬ના દિવસે ચંદુ જાણી જોઈને એલઓસી પાર કરી ગયો હતો અને પોતાને પાકિસ્તાની સેનાની સામે શરણાગતિ સ્વીકારવાની વાત કરી હતી. હાલમાં જ બંને દેશોના ડીજીએમઓની વાતચીતમાં પાકિસ્તાને પ્રથમ વખત ચંદુની વહેલીતકે મુક્તિ કરવાની વાત કરી હતી. પોતે સંરક્ષણ રાજ્ય મંત્રી સુભાષ ભામરે દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. અત્રે નોંધનિય છે કે ૨૯મી સપ્ટેમ્બરના દિવસે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ભારતે સર્જિકલ હુમલા કર્યા હતા. એજ દિવસે ચંદુ એલઓસી પાર કરીને ભુલથી પાકિસ્તાન પહોંચી ગયો હતો. તે વખતે ભારતીય સેનાએ કહ્યું હતું કે પાકિસ્તાની સેનાના ડીજીએમઓ દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી છે. ભુલથી એકબીજાના વિસ્તારમાં પહોંચી જવાની બાબત કોઈ અસામાન્ય બાબત નથી. વર્તમાન વ્યવસ્થા હેઠળ તેમને પરત એકબીજાના દેશમાં મોકલી દેવામાં આવે છે.

યુગની શરૂઆત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ડોનાલ્ડ ટ્રમ્પનો જન્મ ન્યૂયોર્કમાં થયો હતો. ૭૦ વર્ષની વયે પહોંચેલા ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી ચુક્યા છે. ટ્રમ્પ હાલમાં ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ અને ચેરમેન તરીકે છે. જે રીયલ એસ્ટેટ વેન્ચર અને અન્ય બિઝનેસ કારોબારમાં સામેલ છે. જોકે તેમને આ તમામ હોદ્દા કાલી કરવા પડશે. પોતાની કેરીયર દરમિયાન ટ્રમ્પે ઓફિસ ટાવરો હોટેલો, કસીનો, ગોલ્ફ કોર્સ અને અન્ય બ્રાન્ડેડ ફેસિલીટી વિશ્વભરમાં બનાવી છે. ટ્રમ્પનો જન્મ અને ઉછેર ન્યૂયોર્કમાં થયો છે. તેઓએ ૧૯૬૮માં પેન્સીવેનીયામાંથી ઈકોનોમીક્સમાં બેચરલ ડિગ્રી મેળવી લેવામાં સફળતા મેળવી હતી. ૧૯૭૧માં તેમને તેમના પિતા ફ્રેડ ટ્રમ્પના રીયલ એસ્ટેટનો કોરાબાર સોંપવામાં આવ્યો હતો. ટ્રમ્પ મિસ યુએસએ સૌંદર્ય સ્પર્ધામાં પણ રહ્યા હતા. જેમાં ૧૯૯૬થી ૨૦૧૫ દરમિયાન તેઓ માલિક હતા. ફિલ્મ અને ટેલિવિઝન સિરિયરમાં કામ કરી ચુક્યા છે. વિશ્વમાં ૩૨૪માં સૌથી અમીર વ્યક્તિ તરીકે અને અમેરિકાના ૧૫૬ માં સૌથી અમીર વ્યક્તિ તરીકે રહ્યા છે. જૂન ૨૦૧૫માં ટ્રમ્પે રીપબ્લિકન તરીકે પ્રમુખ પદની ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. અમેરિકાના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ ટ્રમ્પ આક્રમક નિતી સાથે આગળ વધે તેમ માનવામાં આવે છે. સાથે સાથે કેટલીક જુની નિતીને બદલી શકે છે.

વિશ્વ વિક્રમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કામ કરી રહ્યા હતા. તેના પર બીજા ૧૧ નીરીક્ષકો અને તેના પર મુખ્ય બે નિરીક્ષકો કામ કરી રહ્યા હતા. આમ આખી ટીમ દ્વારા લોકોની ગણતરી કરવામાં આવી હતી. ગણતરી પુરી થયા બાદ લોકોની સાચી સંખ્યા જાણી શકાશે.

વિધિ સંપન્ન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નગારા, ઝાલર, શરણાઈવાદન સાથે પ્રાણ પ્રતિષ્ઠાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ખોડલધામ મંદિરમાં માતા ખોડલની મુખ્ય મૂર્તિ સહિત ૨૧ મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ સવારે ૫.૩૦ કલાકથી શરૂ થઈ હતી. એક કલાક સુધી આ વિધિ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા કરાવવામાં આવી હતી. આ દિવ્ય ઘડીના સાક્ષી બનવા અને માતા ખોડલની કૃપા મેળવવા શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. ભવ્ય નજારો સવારથી જ જોવા મળ્યો હતો. કળશ અનાવરણ બાદ માતાજીના ગરબા, ધાર્મિક ગીતોના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પુરૂષ અને મહિલા ગાયકો દ્વારા માતાજીની આરાધના કરીને માહોલને ભક્તિમય બનાવવાના તમામ પ્રયાસ થયા હતા. હાલમાં જ માતા ખોડલ પોતે રથમાં બિરાજમાન થઈને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આમંત્રણ આપવા સૌરાષ્ટ્ર ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં પહોંચ્યા હતા. છેલ્લા દિવસે મા ખોડલના દર્શન કરવા માટે લાખો પાટીદારો ખોડલધામ ઉમટી પડ્યા હતા.

ગ્રામસભાઓ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રાપ્ત થતી વિગતો મુજબ ૬૦થી વધુ લાયઝન અધિકારીઓ આ અભિયાન માટે નિયુક્ત કરવામાં આવશે. આ લાયઝન અધિકારીઓ જે તે ગ્રામસભામાં જઈ હાજરી આપશે અને ગ્રામસભામાં રજુ થયેલ વિઝન ડોક્યુમેન્ટ સંદર્ભે એક પાનામાં પોતાના અભિપ્રાય સાથે કલેક્ટરને રિપોર્ટ આપશે. આ રિપોર્ટના આધારે જિલ્લા કલેક્ટર દ્વારા વિસ્તૃત અહેવાલ તૈયાર કરી રાજ્ય સરકારને મોકલવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે લાયઝન અધિકારી તરીકે જિલ્લાના વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓની નિયુક્તી કરવામાં આવશે. દરેક લાયઝન અધિકારીને પાંચથી છ ગામ ફાળવવામાં આવશે.

ગામમાં ધ્વજવંદન સમારોહ પછી આ ગ્રામસભાનું આયોજન કરવામાં આવશે. આ માટે દરેક તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા આ અંગેનું આયોજન જિલ્લા કલેક્ટરને આપી દેવામાં આવ્યું છે.

મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

કલાધામને - ઐતિહાસિક અને પરંપરા સાથે મેળવીને એની રૂઢિગત માન્યતાઓ - અંધશ્રદ્ધાઓને દૂર કરવાના મેદાન ઉદેશ્યથી સર્જાયેલી આ મહાગાથા વાંચીને હું જયારે છેક ત્રણ હજાર કિલોમીટરની મુસાફરી કરી મા કામાખ્યા. મા છિન્નમસ્તાની દૈવી પીઠ પર ગયો ત્યારે જાણે કે રક્તનો એક ઉછળતો મહાસાગર મારી આસપાસ ખળભળવા લાગ્યો. અટ્ટહાસ્ય અને મહારૂદ્રનની વિકરાળ મુખાકૃતિઓ મારી આંખોમાં ચિતરાવા લાગી. નીલાંચલ પર્વતના વૃક્ષોમાં બલિના રક્તની - માંસ ગંધ હવામાં અનુભવી - જુવાન જોધ બ્રહ્મપુત્રની લહેરોનો રંગ લાલ હોય એનું અનુભવાયું. રૂઢિ, પરંપરા, અંધવિશ્વાસ અને અજ્ઞાનની એ છાયાઓ હજી પણ ત્યાં હોય એવો ભાસ આજે પણ થયા કરે છે અને કાનોમાં ગૂજ્યા કરે છે હે માં... છિન્નમસ્તા... હે માં છિન્નમસ્તા...

રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

ભલામણો વિશ્વના સૌથી ધનવાન ક્રિકેટ બોર્ડમાં નાણાકીય હેરફેર અને આર્થિક કૌભાંડોને પણ અટકાવવામાં ચોક્કસ મદદ કરશે જ એવો આશાવાદ ક્રિકેટના આશિક તરીકે આ લખનાર સહીત સૌને છે જ, એવામાં લોઢા કમિટી અને સુપ્રીમ કોર્ટ વધુ આકરા થાય એ પહેલા ક્રિકેટને અસર થાય નહિ એવા પગલાઓ મને કમને લેવાતા થયા છે. ક્રિકેટ એશોશીયેસન પર વર્ષોથી નાગચૂડ જમાવી બેઠેલા લોકો રવાના થઈ રહ્યા છે અને ખરેખર ક્રિકેટને જાણતા અને ખેલાડીઓને પ્રોત્સાહિત કરી શકતા લોકો એક પછી એક આવે એવી શક્યતાઓ જોવાઈ રહી છે. ભલે લોઢા કમિટીની ભલામણો એક રીતે થોડી આકરી કે અમુક ભલામણો જોહુકમી જેવી લાગે પણ સરવાળે ક્રિકેટને ફાયદો થવાનો એ નક્કી છે.

ઓકે બેક ટુ કેપ્ટન કુલ, ધોની ક્યારેય કોઈની રહેમોનજરનો મોહતાજ રહ્યો જ નથી એ હકીકતની સાથે સાથે એ પણ ભૂલવું ના જોઈએ કે આઈપીએલ સ્પોટ ફિક્સીંગમાં એ લોકો જ ફસાયા છે જેમની સાથે એઝ એ ચેન્નાઈ સુપર કિંગના કેપ્ટન તરીકે એનો નાતો હતો. ધોની હમેશા ક્લીન ઈમેજ સાથે જ લડ્યો છે અને લડતો રહેવાનો છે કેમકે ભારતીય ક્રિકેટને ઊંચાઈ આપવામાં ધોનીનો સિંહફાળો છે અને એક સફળ કેપ્ટન તરીકે ધોની હમેશા રેકોર્ડબુક અને ચાહકોના દિલમાં રહેવાનો છે. ૨૦૦૭મા ધોનીએ કમાની સંભાળી ત્યારે કદાચ જ કોઈને એવો અંદાઝ હશે કે માહીની આગેવાનીમાં ભારતીય ક્રિકેટ સફળતાના નવા જ સીમાચિન્હો હાંસલ કરશે. સફળ અને હટકે નિર્ણયો લેવા માટે અને એમાં સફળ થવા માટે ધોનીને આપણે અને આખુ ક્રિકેટિંગ વર્લ્ડ હમેશા યાદ રાખશે. પણ હકીકત એ છે કે બોર્ડથી લઈને કોચિંગસ્ટાફ અને વહીવટકર્તાથી લઈને વિજેતા બનવા સુધી બધે જ નવા લોકો આવી રહ્યા છે અને હકીકત એ છે કે કોહલીનો જલવો પુરજોશમાં છે. કહેવાય છે ને કે સમય ગઝબ ચીજ છે, એ બદલાય છે તો હીરોને પણ બદલાવી નાખે છે અને અત્યારે કોહલી હીરો છે, એની બલ્લે બલ્લે છે...! એવામાં આપણે ઈચ્છીએ કે ૨૦૧૯ના વર્લ્ડકપમાં ધોનીનો એ હેલીકોપ્ટર શોટ ફરીથી અને વારંવાર જોવા મળે....! ઓલ ધ બેસ્ટ માહી...!